# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-11-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કચ્છ : સૌરાષ્ટ્ર – VGRC

કચ્છ અને સૌરાષ્ટ્રમાં યોજાનારી આગામી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ, સૌરાષ્ટ્ર અને કચ્છની હસ્તકલા અને હાથવણાટ કારીગરોની ક્ષમતાને વેગ આપશે. આ બે દિવસીય કોન્ફરન્સ, હેરિટેજ ક્ષેત્રના ઉદ્યોગસાહસિકો, કારીગરો, ઇન્ટિરિયર ડિઝાઇનર્સ અને પ્રોડક્ટ ડિઝાઇનર્સ માટે સરકારી ઇ-માર્કેટપ્લેસ, રોકાણકારો, ખાનગી સાહસો અને અગ્રણી ઇ-કોમર્સ પ્લેટફોર્મ સાથે સહયોગ કરવા માટે એક ગતિશીલ પ્લેટફોર્મ તરીકે સેવા આપશે , જે નવીનીકરણ, બજારની પહોંચ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપશે.

ઉલ્લેખનીય છે કે કચ્છી ખારેક અને કેસર કેરીથી લઇને હસ્તકલા અને વણાટકામના કચ્છ અને સૌરાષ્ટ્રના 10થી વધુ ઉત્પાદનોએ GI ટેગ મેળવ્યો છે. રાજકોટમાં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્ર GI ટેગ ઉત્પાદનોને પ્રમોટ કરશે અને સ્થાનિક કારીગરોને સશક્ત કરશે. નિકાસ ક્ષમતાઓમાં વધારો કરશે અને પ્રધાનમંત્રીના 'વોકલ ફોર લોકલ' વિઝનને વેગ આપશે.

-----------------------------------------------------------------------------------

## DPA – કાર્ગો હેન્ડલિંગ

દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ નાણાકીય વર્ષ 2025-26 માં 100 મિલિયન ટન કાર્ગો હેન્ડલિંગ કરી ભારતના સૌથી ઝડપી મુખ્ય બંદર બનવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

આ સીમાચિહ્ન હાંસલ કરવા પાછળ બંદરની અસાધારણ કાર્યકારી કાર્યક્ષમતા, મજબૂત કાર્ગો-હેન્ડલિંગ ક્ષમતાઓ અને તમામ હિસ્સેદારો-પોર્ટ વપરાશકર્તાઓ વચ્ચે સંકલન જવાબદાર હોવાનું પોર્ટ પ્રશાસને એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

દીનદયાળ પોર્ટ કંડલાએ દેશના ટોચના પ્રદર્શન કરનારા મુખ્ય બંદર તરીકેનું સ્થાન ગત વર્ષે જાળવ્યા બાદ આ વર્ષે પણ તે જાળવી રાખશે તેવો વિશ્વાસ પોર્ટના ચેરમેન સુશીલકુમાર સિંઘએ વ્યક્ત કર્યો છે.

----------------------------------------------------------------------------------------

## SIR – કેમ્પ

ભારતના ચૂંટણીપંચના આદેશ અનુસાર જિલ્લાના 6 વિધાનસભા વિસ્તારમાં તા.1 જાન્યુઆરી 2026ની લાયકાતની તારીખના સંદર્ભમાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે. આ કામગીરી સુચારૂ રીતે સમયસર પૂર્ણ થાય તે માટે 6 વિધાનસભા મતદાર વિભાગોમાં ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે ૨૯મીએ શનિવારે બપોરે 12 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી અને 30 મીએ રવિવારે સવારે 10 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી ગણતરી ફોર્મ ભરીને કેમ્પ ખાતે જમા કરાવી શકાશે.

જે મતદારનું નામ અથવા તેમના માતા-પિતા /દાદા કે દાદીનું નામ વર્ષ 2002ની મતદારયાદીમાંથી ન મળ્યું હોય તો તે પણ શોધી આપવામાં આવશે.

વિવિધ તાલુકામાં આવેલ તમામ મામલતદાર કચેરીઓ અને ગાંધીધામમાં સી. જી. ગીધવાણી હોલ તેમજ ગાયત્રીકૃપા પ્રાથમિક શાળા ગળપાદર ખાતે આ કેમ્પ યોજાશે.

જિલ્લાના મતદારોને આ ખાસ કેમ્પનો લાભ લેવા માટે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર, કચ્છ દ્વારા અપીલ કરવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

## બીએલઓનું સન્માન

મતદાર યાદી ખાસ સઘન સુધારણાની કામગીરી અંતર્ગત બીએલઓ દ્વારા મતદારોની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે ત્યારે લખપત તાલુકામાં 62 પૈકી 22 જેટલા બી.એલ.ઓનું શ્રેષ્ઠ કામગીરી બદલ તાલુકા મામલતદાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું

અત્રે ઉલ્લેખનીય છે કે, આશાલડીના બીએલઓએ આ કામગીરી સમય મર્યાદા પહેલા પૂર્ણ કરવા બદલ રાજ્ય ચૂંટણી કમિશનર દ્વારા ગાંધીનગર ખાતે પણ સન્માન કરવામાં આવ્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## રેલવે

ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ચેમ્બર ભવન ખાતે પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવીઝનના ડીઆરએમ વેદ પ્રકાશ અને ગાંધીધામના એઆરએમ આશિષ ધનિયાની ઉપસ્થિતિમાં મહત્વપુર્ણ સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છના વેપાર-ઉદ્યોગ, ભવિષ્યની રેલ્વે જરૂરીયાતો અને મુસાફરોની સુવિધાઓ અંગે વ્યાપક ચર્ચા કરાઈ હતી.

આ બેઠકમાં ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા કચ્છમાં રેલવેને લગતી વિવિધ માંગણીઓ રજુ કરવામાં આવી હતી. જેમાં ભુજ–સરાય રોહિલ્લા ટ્રેનને દૈનિક કરવાનો પ્રસ્તાવ, ભુજ-ગાંધીનગર, ભુજથી હરિદ્વાર–અયોધ્યા-કોઇમ્બતુર દિશામાં નવી ટ્રેન, તેમજ મુંબઈ માટે વંદે ભારત સ્લીપરની તાત્કાલિક જરૂરિયાતનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, માંડવી વિસ્તારને રેલ નેટવર્ક સાથે જોડવાની માંગ પણ રજુ થઈ હતી. આ તમામ મુદ્દાઓ ડીઆરએમ અને એઆરએમ દ્વારા નોંધવામાં આવ્યા હતા અને તેમના સમાધાન માટે સંવેદનશીલ અભિગમ અપનાવવાની ખાતરી આપવામાં આવી હતી.

-----------------------------------------------------------------------------------------

## ભચાઉ – કૃષિ મહાવિદ્યાલય

ભચાઉમાં સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અંતર્ગત કૃષિ મહાવિદ્યાલયની નવી ઇમારતનું રાજ્યના કૃષિ કોલેજના કુલપતિ ડૉ. આર. એમ. ચૌહાણના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે કચ્છમાં પ્રથમ વખત સંશોધન અને પ્લાન સમીક્ષા બેઠક પણ યોજાઈ હતી. યુનિવર્સિટીની આ દસમી સંશોધન બેઠકમાં કૃષિ ક્ષેત્રે ભવિષ્યના પડકારો અને સંશોધનો પર ચર્ચા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## આપણી સરહદ ઓળખો

"આપણી સરહદ ઓળખો" કાર્યક્રમનો ભુજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ કચેરી ભુજ સંચાલિત આ કાર્યક્રમમાં રાજયભરના અલગ-અલગ જિલ્લામાંથી 100 જેટલા યુવક-યુવતીઓ જોડાયા છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન...

જિલ્લામાં લઘુતમ તાપમાનમાં સામાન્ય વધઘટ વચ્ચે નલિયા આજે 13.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સતત 14મા દિવસે રાજ્યનું સૌથી ઠંડું મથક રહ્યું છે.જિલ્લા મથક ભુજમાં 16 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે, મહત્તમ તાપમાન 29 થી 31 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું હતું.

પહાડી રાજ્યોમાં હિમવર્ષાની અસરને કારણે વાતાવરણમાં પલટો આવવાની સંભાવના છે. જેથી, હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ બાદ લઘુતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરી છે.

---------------------------------------------------------------------------------------